0/c

adani

Ports and Logistics

AHPPL/DCF-Surat/188Ha/2021/249

**તા. ૨૦/૦૧/૨૦૨૧**

**પ્રતિ,**
**નાયબ વન સંરક્ષકશ્રી,**
**સુરત વન વિભાગ,**
**સુરત.**

**વિષય : Application for Diversion 188 HA. Forestland for village. Hazira & Suvali Tal. Choryashi Dist. Surat for Development of Port Back Up Facility at Hazira, Tal-Choryasi, Dist - Surat**

**સંદર્ભ : ૧) આપશ્રીના ક્રમાંક નં. ક/સર્વે/૧૭/૧૮૭૫/૨૦૧૯-૨૦ તા. ૦૯.૦૩.૨૦૨૦ વાળો પત્ર**

મે. સાહેબશ્રી,

સવિનય જણાવવાનું કે અમો મે. અદાણી હજીરા પોર્ટ પ્રા લી., હજીરા દ્વારા મોજે હજીરા અને સુવાલી (શીવરામપુર) તા. ચોર્યાસી ની ૧૮૮ હે. જંગલ જમીન પોર્ટ બેકઅપ ફેસીલીટી વિકસાવવાના હેતુ થી માંગણી કરેલ છે. અમારી આ દરખાસ્ત બાબત આપશ્રીની કચેરી દ્વારા ઉપરોક્ત સંદર્ભવાળા પત્ર તેમજ ત્યારબાદ કરવામાં આવેલ પત્રવ્યવહારથી અમારી કુલ ૧૮૮ હે. જંગલ જમીનની માગણી સામે વળતર વનીકરણ માટે સૂચિત કરેલ જમીનો પૂરતી ન હોવાની તેમજ સરકારશ્રીની અધ્યતન સૂચનાઓ મુજબ વળતર વનીકરણની સ્કીમ ઉપલબ્ધ ન હોવા અંગેની પુર્તતા કરવા અમોને જણાવવામાં આવેલ હતું.

ઉપરોક્ત વળતર વનીકરણ અંગેની પુર્તતા માટે અમોએ વન વિભાગ – કચ્છ-ભુજની કચેરીમાં જરૂરી અરજી-દસ્તાવેજો રજૂ કરી નવેસરથી વળતર વનીકરણ માટે જરૂરી એવી ૧૮૮ હે. જંગલ જમીન સામે બીન-જંગલ જમીન **મોજે. ગુંદીયાળી તા. માંડવી ની ૧૧૦ હેકટર જમીન અને મોજે ધુફી નાની તા.અબડાસા ની ૮૦.૫૭૩૬ હેકટર જમીન એમ મળીને કુલ. ૧૯૦.૫૭૩૬ હેકટર** જમીન વળતર વનીકરણ માટે સૂચિત કરેલ હતી. આ સંદર્ભે ઉપરોક્ત બિન-જંગલ જમીનો વળતર વનીકરણ માટે ઉચિત હોવાથી તે બાબતના **લેન્ડ સ્યુટીબીલીટી સર્ટિફીકેટ તેમજ સરકારશ્રીની અધ્યતન સૂચનાઓ મુજબની વળતર વનીકરણની સ્કીમ બનાવી કુલ ૬ પ્રતમાં મુખ્ય વન સંરક્ષકશ્રી – કચ્છ વન વર્તુળ, ભુજ ની કચેરી દ્વારા તેમના તા. ૨ જાન્યુઆરી ૨૦૨૧ થી આપની કચેરીને સદર કરેલ છે.**

20/1/21
નાયબ વન સંરક્ષક
સુરત વન વિભાગ, સુરત.

આ વિગતો ધ્યાનમાં લઈ અમારી ઉપરોકત વિષય વાળી અરજી અંગે આગળની ઘટતી કાર્યવાહી કરવા આપશ્રીને નમ્ર વિંનંતી છે.

આભાર સહ,
આપનો વિશ્વાસું,
**અદાણી હજીરા પોર્ટ પ્રા. લી.**

**અધિકૃત અધિકારી**

Adani Hazira Port Ltd
At & Po Hazira
Choryashi
Surat 394 270
Gujarat, India
CIN: U4509GJ2009PTC058789

Tel +91 261 220 7780
Fax +91 261 220 7777
info@adani.com
www.adaniports.com

Registered office: Adani Corporate House, Shantigram, Near Vaishnav Devi Circle, S. G.Highway, Khodiyar, Ahmedabad-382421